# Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ

Azadi Ka Amrit Mahotsav

**Hemant Shah** President | **Pathik Patwari** Sr. Vice President | **Sanjeev Chhajer** Vice President | **Sachin Patel** Hon. Secretary | **Mahesh Puj** Hon. Secretary (R) | **Navroz Tarapore** Hon. Treasurer


23rd February, 2022 / 15224

To,
**Shri Manoj Aggarwal, IAS**
Additional Chief Secretary,
Health and Family Welfare Dept.,
Government of Gujarat
7th Floor, Block No. 7,
Sardar Patel Bhavan,
Sachivalaya, Sector - 10,
Gandhinagar - 380010

**Sub: Request to organize a meeting to discuss Health & Welfare Department related issues**

Respected Sir,

GCCI's team of Office Bearers had a meeting with the Hon'ble Chief Minister Shri Bhupendrabhai Patel, Hon'ble Minister Shri Jagdishbhai Panchal and senior officers of Government of Gujarat on 29th January, 2022. During the meeting, we had submitted a memorandum of key pending issues related to various departments and these issues were discussed briefly in the meeting.

We were advised by Hon'ble Chief Minister to meet the senior officials of concerned departments and discuss the issues in detail.

Accordingly, we are sending herewith the issues along with proposed solution related to Health & Family Welfare Department, for your kind perusal and reference. We have also added some regional issues which have been received from our Regional Chambers.

Sir, these issues need to be quickly resolved in the interest of industrial growth of the State. We therefore request you to kindly take these issues into consideration and provide us time for a meeting to discuss these issues in detail, at your earliest convenience.

With regards,

**Hemant Shah**
**President**


Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India.
+91-79-2658 2301/2/3/4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

# Gujarat Chamber of Commerce & Industry

## આરોગ્ય

| Sr. No | Issue | Suggestion |
|---|---|---|
| 1 | હોસ્પિટલ સેક્ટરને સર્વિસ ઉદ્યોગનો દરજ્જો | હાલમાં હોસ્પિટલો અન્ય ઉદ્યોગોની જેમ જ ખૂબ મોટી સંખ્યામાં રોજગારી આપે છે તેમજ હેલ્થ કેર ક્ષેત્રે વાણિજ્યીક ધોરણે સ્વાસ્થ્ય સંબંધિત અનેકવિધ સેવાઓ પુરી પાડે છે. અમારું સૂચન છે કે હોસ્પિટલ સેક્ટરને સર્વિસ ઉદ્યોગ ગણી તેમને ઉદ્યોગ તરીકેનો દરજ્જો આપવો જોઇએ જેથી અન્ય ઉદ્યોગોને મળતા લાભ હોસ્પિટલોને પણ મળવાપાત્ર થાય.. |
| 2. | હોસ્પિટલને પણ ૧૦૦% ઇલેક્ટ્રિસિટી ડયુટીમાંથી ૫ વર્ષ માટે છૂટ આપવી. | હાલમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નવી હેરીટેજ ટુરીઝમ પોલીસી-૨૦૨૦-૨૫ અંતર્ગત હોટલ, બેન્ક્વેટ હોલ, રેસ્ટોરન્ટ વગેરેને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ૫ વર્ષ માટે ઇલેક્ટ્રીસીટી ડયુટીમાં ૧૦૦%ની છુટ આપવામાં આવેલ છે. આજ રીતે હેલ્થકેર ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે હોસ્પિટલોને પણ ૧૦૦% ઇલેક્ટ્રિસિટી ડ્યુટી માંથી ૫ વર્ષ માટે છૂટ આપવી જોઇએ |
| 3. | હેલ્થ કેર અને મેડીકલ ટુરીઝમ સેક્ટરને પ્રોત્સાહન | ગુજરાત રાજ્યમાં અન્ય દેશોમાંથી ઘણાં યાત્રી વેપાર-ઉદ્યોગ, પર્યટન અને તબીબી સારવાર માટે આવતાં હોય છે અને રાજ્યમાં મેડીકલ ટુરીઝમ ક્ષેત્રને વિકસિત કરવાની ઘણી તકો રહેલી છે, માટે અમારું સૂચન છે કે રાજ્યમાં વધુ હોસ્પિટલ સ્થપાય તે ઉદ્દેશ્યથી મુખ્ય શહેરોમાં નિયત જગ્યા હોસ્પિટલ માટે ફાળવવી જોઇએ અને ત્યાં હોસ્પિટલ સ્થાપવા માટે ટેક્ષ હોલીડે આપવી જોઇએ જેથી રાજ્યમાં હેલ્થ કેર અને મેડીકલ ટુરીઝમ સેક્ટરને પ્રોત્સાહન મળી રહે. |
| 4. | નેબર હુડ સેન્ટર / સોશ્યલ ઇન્ફ્રા. હેતુની જોગવાઇનું અમલીકરણ<br><br>અને હોસ્પિટલ પોલીસી ૨૦૧૧ માં ૪૫% સુધી બિલ્ટઅપ | હાલમાં હોસ્પિટલ પોલીસી-૨૦૨૧માં ૫૦૦૦ ચો.મી. મોટા પ્લોટમાં હોસ્પિટલ માટે છૂટછાટ આપવામાં આવ્યા છે. કોર્પોરેશન વિસ્તારમાં અગાઉ જ્યાં વિકાસ થઇ ગયેલ છે ત્યાં જુની ટાઉન પ્લાનિંગ સ્કીમમાં ૫૦૦૦ ચો.મી.ના ફાયનલ પ્લોટ તથા ૩૦ મીટર પહોળાઇના રસ્તા મળવા મુશ્કેલ છે અને બજાર કિંમત ધ્યાને લેતા સામાન્ય ડોક્ટર્સ માટે હોસ્પિટલ પોલીસીનો લાભ લેવો અશક્ય છે. ઉપરના સંજોગોમાં હોસ્પિટલ પોલીસીમાં |

| Sr. No | Issue | Suggestion |
|---|---|---|
| | એરિયા દરેક માળે મળે તેવો સુધારો | સુધારો કરી ૫૦૦૦ ચો.મી.ના ક્ષેત્રફળના બદલે ૧૫૦૦ ચો.મી. ક્ષેત્રફળ કરવું અને ૩૦ મીટર પહોળાઇના રસ્તા બદલે 18 મીટર પહોળાઇના રસ્તાનું આયોજન સૂચવવા વિનંતી છે.<br><br>વધુમાં હાલના સંજોગોમાં મેડીકલ સારવાર ખૂબજ મોંઘી બનતી જાય છે અને તે માટેની અદ્યતન સુવિધાથી સજ્જ હોસ્પિટલ ખૂબજ ઓછી ઉપલબ્ધ છે. આ સંજોગોમાં જાહેર હિત ધ્યાને લઇ જે પ્રીલીમનરી સ્કીમ સરકારશ્રી દ્વારા મંજુર થઇ ગયેલ છે તેમાં નેબરહુડ સેન્ટર/ સોશ્યલ ઇન્ફ્રા હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં દર ૩ ચો.કી.મી. એક કોમ્યુનિટી હોસ્પિટલ તથા દર ૧૦ ચો.કી.મી. એક કોર્પોરેટ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઉપલબ્ધ થાય તે રીતે નેબર હુડ સેન્ટર / સોશ્યલ ઇન્ફ્રા. હેતુની જોગવાઇનું અમલીકરણ કરવા વિનંતી.<br><br>જી.ડી.સી.આર. માં નોર્મલ લો રાઇઝ બિલ્ડીંગોમાં ૪૫% સુધી બિલ્ટઅપ એરિયાની જોગવાઇઓ છે જ્યારે હોસ્પિટલ પોલીસી-૨૦૧૧ (સબ ક્લોઝ ૬.૬.૨) મુજબ હોસ્પિટલો માટે ૩૦% સુધીના બિલ્ટઅપ એરિયાની જોગવાઇઓ છે. હોસ્પિટલ પોલીસી ૨૦૧૬ માં ૪૫% સુધી બિલ્ટઅપ એરિયા દરેક માળે મળે તેવો સુધારો જી.ડી.સી.આર.માં કરવો જોઇએ. આ સુધારો કરવાથી બિલ્ડીંગની હાઇટ ઘટશે તથા આગ લાગવા જેવી પરિસ્થિતિમાં દર્દીને તથા સ્ટાફને સરળતાથી બચાવી શકાશે અને તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને આ સુધારો કરવા માટે ભલામણ કરવી જોઇએ. |
| 5. | બાયો મેડિકલ વેસ્ટ કલેક્શન કેબિન, જનરલ વેસ્ટ કલેક્શન કેબિન, ડી.જી.સેટ માટે માર્જીન એરિયામાં પરવાનગી આપવી | હાલની હોસ્પિટલ પોલીસી ૨૦૧૬ મુજબ (સબ ક્લોઝ ૬.૬.૧) માર્જીનમાં કેબિન તથા સિક્યોરીટી કેબિન સિવાય અન્ય કોઇ પણ બાંધકામ કરી શકાતું નથી તો તેના બદલે બાયો મેડિકલ વેસ્ટ કલેક્શન કેબિન, જનરલ વેસ્ટ કલેક્શન |

| Sr. No | Issue | Suggestion |
|---|---|---|
| | | કેબિન, ડી.જી.સેટ, ઓક્સિજન પ્લાન્ટ માટે માર્જીન એરિયામાં પરવાનગી આપવી જોઇએ અને તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને આ સુધારો કરવા માટે ભલામણ કરવી જોઇએ. |
| 6. | જી.ડી.સી.આર.માં સુધારો | હાલમાં હોસ્પિટલ પોલીસી ૨૦૧૬ મુજબ રેડીયેસન થેરેપી તથા ન્યુક્લિયર **(PET CT)**માટે સ્પેશિયલ સ્ટ્રક્ચર સૌથી પહેલા ભોંયરામાં કરી શકાય છે તેના બદલે સુધારો કરી આ વ્યવસ્થા સૌથી છેલ્લા ભોંયરામાં પણ કરી શકાય તેવો જી.ડી.સી.આર.માં સુધારો કરવો જોઇએ અને તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને આ સુધારો કરવા માટે ભલામણ કરવી જોઇએ. |
| 7. | **FIRE/ NOC** લાઈસન્સ રીન્યુલ | હોસ્પિટલને દર વર્ષે **FIRE/ NOC** નું લાયસન્સ રીન્યુ કરાવવામાં આવે છે તેનું રીન્યૂલ દર **3** વર્ષે કરવું જોઈએ અને તેની પ્રક્રિયાનું સરળીકરણ કરવું જોઈએ. |
| 1. | અકસ્માતના કેસ માટે એક સેન્ટ્રલાઇઝ નંબર જાહેર કરવો જોઈએ | **MLC** અને અકસ્માત ના કેસ માટે હોસ્પિટલો દ્વારા જે-તે હદની પોલીસ સ્ટેશને જાણ કરવાની હોય છે, તે માટે કોઈ એક સેન્ટ્રલાઇઝ નંબર જ આપવો જોઈએ, જેથી કરી ને હોસ્પિટલો ને કોઈ અગવડ ના પડે. |
| 2. | Grievance Redressal Cell અથવા હેલ્પલાઇન ડેસ્ક ની સ્થાપના | ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારની આરોગ્ય ને લગતી યોજનાઓમાં હોસ્પિટલ ને અનેક પ્રકારની મુશ્કેલી પડતી હોય છે, તો તે માટે એક Grievance Redressal Cell અથવા હેલ્પલાઇન-ડેસ્ક ની સ્થાપના કરવી જોઈએ. |
| 3. | માં (MAA) તથા આયુષ યોજના માં એલોપથિક | માં (MAA) તથા આયુષ યોજના માં આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપેથી સારવાર ખર્ચનો પણ સમાવેશ કરવો જોઈએ. |

| Sr. No | Issue | Suggestion |
|---|---|---|
| | સિવાયની પણ સારવારનો સમાવેશ કરવો જોઈએ | |

રિજનલ ચેમ્બર ને લગતા મુદ્દાઓ

1. **Gandhidham Chamber of Commerce and Industry**

| Sr. No | Issue | Suggestion |
|---|---|---|
| 1 | પૂર્વ કચ્છના ગાંધીધામ- આદિપુર જોડિયા શહેરમાં આરોગ્યની સુવિધાઓના અભાવ બાબત | પૂર્વ કચ્છના ગાંધીધામ-આદિપુર જોડિયાં શહેરની વસ્તી અંદાજે પાંચથી સાત લાખ જેટલી થવા જાય છે. હાલમાં આદિપુર સ્થિત રામબાગ સરકારી હોસ્પિટલ સિવાય કોઇ મોટી હોસ્પિટલની સુવિધા ઉપલબ્ધ નથી ઉપરાંત રામબાગ હોસ્પિટલમાં પણ અપૂરતા સંશાધનો અને સ્ટાફની અછત હોવાથી શહેરના લોકોને ભુજ અથવા અમદાવાદ સુધી જવું પડે છે. આ ઉપરાંત પૂર્વ કચ્છના આ વિસ્તારના ચાર તાલુકા અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપરના લોકોને ખૂબજ હાડમારી ભોગવવી પડે છે, જેથી પૂર્વ કચ્છના આટલા મોટા વિસ્તારના લોકોને પ્રાથમિક સુવિધા સ્થાનિકે મળી શકે તે માટે તમામ અદ્યતન સંસાધનો અને પુરતા સ્ટાફ સાથેની એક મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ ઉભી કરવામાં આવે, જેથી પૂર્વ કચ્છના લોકોને આરોગ્યની દૃષ્ટિએ પ્રાથમિક સુવિધા સ્થાનિક સ્તરે મળી શકે અને લાખો માનવ જીંદગીઓને સારવારના અભાવે અમદાવાદ સુધી જવાની જરૂર ન પડે, તે માટે રાજ્ય સરકાર તરફથી ગાંધીધામ શહેરમાં અદ્યતન હોસ્પિટલ સ્થાપવા વિનંતી છે. |